# પદ્‌નામિત રાજ્યપાલશ્રીનું રાજભવન ખાતે ઉષ્માભર્યું સ્વાગત



ગાંધીનગર, તા.૨૧

ગુજરાતના નવા વરાયેલ પદનામિત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત આજે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. રાજ્યપાલશ્રીને એરપોર્ટ ખાતે ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. રાજ્યપાલશ્રી સાથે તેમના પરિવારજનો પણ આવી પહોંચ્યા હતા.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, અમદાવાદના મેયર શ્રીમતી બિજલબેન પટેલ, મુખ્ય સચિવ શ્રી ડૉ. જે. એન. સિંઘ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી સંગીતાસિંઘ, પોલીસ મહાનિર્દેશક શ્રી શિવાનંદ જ્હા, અમદાવાદના કલેક્ટર ડૉ. વિક્રાંત પાંડે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી એ. કે. સિંઘ વગેરેએ ઉપસ્થિત રહી રાજ્યપાલશ્રીને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા.

આ અવસરે રાજ્યના જુદા જુદા વિભાગના સચિવશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજભવન ખાતે પણ વિદાય લેતા રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી તથા લેડી ગવર્નર શ્રીમતી કોહલીએ પદનામિત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા પરિવારજનોને ઉષ્માભેર આવકાર્યા હતા.



## ચંદ્રયાન-૨ સંદર્ભે સાયન્સસીટીમાં ચંદ્રયાન પ્રદર્શનનું આકર્ષણ વધ્યુ

ગાંધીનગર, તા. ૨૧

ઈસરો દ્વારા ચંદ્રયાન-૨ થકી મુન મિશન હાથ ધરવામાં આવ્યું છે જે અંતર્ગત તા. ૨૨મીએ ચંદ્રયાન ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રની સફરે જવા પ્રસ્થાન કરશે. એક તરફ ચંદ્ર પર પ્રથમ માનવી નીલ આર્મસ્ટ્રોંગે ઉતરાણ કર્યાને તા. ૨૦મી જુલાઈએ ૫૦ વર્ષ પુરા થયાં છે ત્યારે તેના બે દિવસ પછી ભારતીયોનું મસ્તક આકાશ તરફ ઉન્નત થવા જઈ રહ્યું છે. આ પ્રસંગે સાયન્સસીટી ખાતે ચંદ્રયાન પ્રદર્શન મુખ્ય આકર્ષણ બની જવા પામ્યું છે.

આ સપ્તાહે લોન્ચ થવા જઈ રહેલા ચંદ્રયાન-૨ સેટ અંગે વિજ્ઞાનપ્રેમીઓ-ખગોળ



પ્રેમીઓમાં જિજ્ઞાસા વધી રહી છે અને તે અંગે તેઓ વધુ જાણવા તત્પર બન્યાં છે ત્યારે સાયન્સસીટીના હોલ ઓફ સાયન્સ ખાતેનું ચંદ્રયાન પ્રદર્શન તેમને ખૂબ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. જિજ્ઞાસુઓ ચંદ્રયાન મિશનની જાણકારી મેળવવામાં વયજૂથ કે જાતિભેદને પણ ભુલાવી રહ્યાં છે, તેમને રસ છે તો માત્ર ચંદ્રયાન મિસનની મલ્ટીમિડીયા પ્રસ્તુતિમાં. ચંદ્રયાન પ્રદર્શન એ ચંદ્રયાન-૧ના ગુરૂત્વાકર્ષણબળની મદદથી બાહ્ય ભ્રમણકક્ષામાં ખસેડવાની પ્રક્રિયાનો દશ્ય-શ્રાવ્ય માધ્યમથી સચોટ રીતે પ્રસ્તુત કરી રહ્યું છે. ભારતના ઘરેણા સમાન ચંદ્રયાન મિશનનો સમજવા સાયન્સસીટી ખાતેનું આ પ્રદર્શન જિજ્ઞાસુઓ માટે ખૂબજ માહિતીપ્રદ અને ઉપયોગી બની રહ્યું છે.



## દેના બેંક સે-૨૨ ખાતે સ્વૈચ્છિક રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગરના સેકટર-૨૨માં દેના બેંકની શાખા ખાતે સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની અમદાવાદ જિલ્લા શાખાના સહયોગથી યોજાયેલા રકતદાન કેમ્પમાં બેંકના શાખા મેનેજરથી માંડીને તમામ કર્મચારીઓ આયોજનમાં જોડાયા હતા. રકતદાન કેમ્પને સફળ બનાવવા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખાના રામસિંહ પરમાર, અશ્વિનભાઈ દવે વગેરેએ જહેમત ઉઠાવી હતી. જેમાં દાતા જે.એન. પરીખે રકતદાતાઓને શુભેચ્છા ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## ચિલોડા ખાતે મા અમૃતમ-વાત્સલ્ય કાર્ડ માટે કેમ્પ યોજાયો



ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રી મા અમૃતમ, મા વાત્સલ્ય યોજના અંતર્ગત કાર્ડ કઢાવવા માટેનો કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં પીએલવી નટુભાઈ પટેલ, વિમળાબેન અયામી, રાજુભાઈ પટેલ, સીતારામ પટેલ, ગામના સરપંચ વસુમતીબેન પટેલ, તલાટી કમ મંત્રી રાજુભાઈ ચૌધરી, ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, તાલુકા હેલ્થ વિઝીટર ગાંધીનગર અનિલા પરમાર, ઓપરેટર અંકિત પંચાલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં ગામના ૪૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## મા-બાપ અભણ હોઈ શકે પરંતુ સંતાનોના ભણતરમાં તેમનું યોગદાન અમૂલ્ય : પૂ. ઉદયવલ્લભ સૂરિ

ગાંધીનગર, તા. ૨૧

''મા-બાપ અભણ હોઈ શકે છે પરંતુ સંતાનના ભણતરમાં તેમનું યોગદાન ક્યારેય ઓછું નથી હોતુ'' આ પ્રકારના હૃદયસ્પર્શી શબ્દો આજે સવારે સે. ૨૨માં જૈન દેરાસર ખાતે જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.ના મુખેથી સર્યા હતા જેનો સાંભળીને ઉપસ્થિત યુવાનો સહિતના શ્રોતાગણની આંખોના ખૂણા ભીના થયાં વગર રહી શક્યાં નહોતા.

પરફેકટીંગ યુથ સેશન-પીવાયએસ શ્રેણીના પ્રખર વકતા પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.એ જણાવ્યું હતું કે ''માતા-પિતાના ઉપકારે બીજા બધા ઉપકારો કરતા એટલાં માટે જુદા પડે છે કે આ ઉપકારો આમંત્રણ વગરના, શરત વગરના, અટકયા વગરના,



પોતાનો વિચાર કર્યા વગરના, કોઈ માપદંડ કે નોંધ વગરના અને વળતરની અપેક્ષા વગરના હોય છે. મા-બાપના સ્વભાવની મર્યાદા હોય ત્યારે તેને પણ સમજીને સ્વીકારવી એ વર્તમાન પેઢી સામે નવો પડકાર છે. આ સાથે સ્વચ્છંદતાનો પ્રેમ અને સહિષ્ણુતાના અભાવથી પણ કૌટુંબિક સમસ્યા સર્જાતી હોય છે. લગ્ન પછી આટલા સંતાનો જુદા પડે છે તો લગ્ન પહેલા કેમ કોઈ વિભાજન થતું નથી ? હવે મા-બાપને ઘરમાં જ ઘરડાઘરની સવલતો મળી રહે તેવું ચિત્ર જણાય છે.''

## એર ઈન્ડિયાની ફલાઈટમાં ગાંધીનગરના પિતા-પુત્રની જોડીનો આબાદ બચાવ

ગાંધીનગર, તા. ૨૧

ગઈકાલે એર ઈન્ડિયા વિમાનને પક્ષી અથડાવાને કારણે સર્જાયેલી ટેકનિકલ ખામીમાં પાયલોટની સમયસૂચકતાને કારણે ૯૩ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. આ ૯૩ મુસાફરોમાં ગાંધીનગરના પિતા-પુત્રની જોડીનો પણ સમાવેશ થાય છે. જેઓને આજે 'જીવ' બચ્યાંની હાશ અનુભવાઈ રહી છે.

અમદાવાદથી સવારે ૬.૫૦ કલાકે દિલ્હી જવા ઉપડેલા એર ઈન્ડિયાના વિમાનને પક્ષી અથડાવાથી સર્જાયેલી ટેકનિકલ ખામીના કારણે ૭.૨૦ કલાકે પરત અમદાવાદ એરપોર્ટ પર ઉતારવામાં આવ્યું હતું. આ વિમાનમાં ગાંધીનગરના ૫૯ વર્ષીય દિપક શાહ તથા તેમના ૩૧ વર્ષીય પુત્ર ડૉ. અંકિત શાહ પણ સવાર હતા જેઓ ડૉ. અંકિતના અમેરિકા જવા માટેની વિઝા ફાઈલના કાર્ય હેતુસર દિલ્હી જઈ રહ્યા હતા. ગાંધીનગરના આ પિતા-પુત્ર સહિત તમામ મુસાફરોને એર ઈન્ડિયા દ્વારા રાતના ૧૦ વાગ્યાની બીજી ફલાઈટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યાં હતા. બીજી ફલાઈટ ઉપડે ત્યાં સુધી બધા પેસેન્જર્સને એર ઈન્ડિયા દ્વારા હોટલમાં રોકાણ સાથે ખાવા-પીવાની તમામ સુવિધા પુરી પાડવામાં આવી હતી પરંતુ દિપક શાહ અને તેમના પુત્ર ગાંધીનગર ઘરે પરત આવી ગયા હતા અને સાંજે ફરી બીજી ફલાઈટના સમયે એરપોર્ટ પહોંચ્યા હતા. જોકે આ મુસાફરીનું ભાડુ પણ એર ઈન્ડિયાએ ચુકવ્યુ હતુ. દિપક શાહે જણાવ્યુ હતુ કે તેઓ ગાંધીનગરમાં ચાતુર્માસ પધારેલા જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.ના આશિર્વાદ લઈને દિલ્હી જવા નિકળ્યા હતા તેથી ગુરૂકૃપાના કારણે તેમનો તથા તેમના પુત્રનો ચમત્કારિક બચાવ થવા પામ્યો છે.

# ગુજરાતના એક એમએલએ પાછળ સરકાર પાંચ વર્ષે અંદાજે ૭૦ લાખ રૂપિયાનો ખર્ચ કરે છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

## ગુજરાતમાં કોઇ મોટી ચૂંટણી નહીં હોવા છતાં ચૂંટણી પંચ ૧૨૯ કરોડ ખર્ચ કરશે

## હમ દોનો દો પ્રેમી - સચિવાલયની પાછળ લીલોતરી વચ્ચે પ્રેમના અંકુર ફુટ્યાં છે

## ભાદુ અને નટરાજન પછી ડેપ્યુટેશન પર ગયેલા ઓફિસરોની સંખ્યા ૨૩ થઇ છે

ગુજરાતના એક ધારાસભ્યનો પગાર દર મહિને ૧.૧૪ લાખ રૂપિયા ગણવામાં આવે તો પ્રત્યેક ધારાસભ્ય પાછળ પાંચ વર્ષમાં સરકારની તિજોરીમાંથી કુલ ૭૦ લાખનો ખર્ચ થાય છે. એટલે કે પ્રતિ વર્ષ ૧૪ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. સરકારી આંકડા પ્રમાણે પાંચ વર્ષમાં ગુજરાત સરકાર ૧૨૭.૪૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે. રાજ્ય સરકાર તેના મંત્રીઓ, મંત્રીઓના અંગત સ્ટાફ, વિપક્ષના નેતા, મુખ્ય દંડક અને ધારાસભ્યો માટે પ્રતિવર્ષ બજેટમાં નાણાકીય વ્યવસ્થા કરતી હોય છે. ચાલુ વર્ષે સરકારે મંત્રીઓના પગાર પાછળ ૪.૧૦ કરોડ, મંત્રીઓના અંગત સ્ટાફ પાછળ ૨૧.૦૪ કરોડ, વિપક્ષના નેતા પાછળ ૧.૦૦ કરોડ, મુખ્ય દંડકના સ્ટાફ પાછળ ૨.૧૦ કરોડ અને ધારાસભ્યો પાછળ ૨૫.૦૮ કરોડનું ખર્ચ કરવાનું નક્કી કર્યું છે. ગુજરાતની સરખામણી અન્ય રાજ્યો સાથે કરવામાં આવે તો ધારાસભ્યોના પગારમાં ઘણું મોટું અંતર સામે આવે છે. સમગ્ર દેશમાં સૌથી વધુ પગાર લેતા ધારાસભ્યો તેલંગાણા રાજ્યમાં છે. આ રાજ્યમાં ધારાસભ્યનો પગાર સૌથી વધુ ૨.૫૦ લાખ રૂપિયા છે જ્યારે સૌથી ઓછો ૨૦ હજાર રૂપિયાનો સેલેરી ત્રિપુરા અને મેઘાલયના ધારાસભ્યનો છે. સમગ્ર દેશમાં સૌથી વધુ ૪.૨૧ લાખ રૂપિયાનો પગાર લેતા મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવ પણ તેલંગાણા રાજ્યના ચીફ મિનિસ્ટર છે. ભારતના ટોપ પાંચ રાજ્યો એવાં છે કે જ્યાં ધારાસભ્યોને ગુજરાતના ધારાસભ્યો કરતાં વધારે પગાર મળે છે. તેલંગાણા પછી દિલ્હીમાં ૨.૧૦ લાખ, મધ્યપ્રદેશમાં ૨.૧૦ લાખ, બિહારમાં ૧.૬૫ લાખ અને મહારાષ્ટ્રમાં ૧.૬૦ લાખનો પગાર ધારાસભ્યોને મળે છે.

**રાજનીતિમાં વિલંબ થાય તો તક ચૂકી જવાય છે...**

ભારતની રાજનીતિમાં વિલંબ થાય તો કોઈપણ રાજકીય નેતા તક ચૂકી જાય છે. આ તક તેને ફરીવાર મળતી નથી અથવા તો બહુ મહેનત અને પગે પડવાથી મળે છે. ભાજપમાં ફરીથી જોડાવા માગતા કોંગ્રેસના પૂર્વ નેતા ધીરૂ ગજેરાની હાલત એવી થઈ કે— લક્ષ્મી ચાંદલો કરવા આવી ત્યારે તેઓ મોંઢુ ધોવા ગયા હતા. ભાજપમાં પ્રવેશની અનેક તક તેઓ ચૂકી ગયા છે. આવી જ સ્થિતિ અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાની થઈ છે. કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા પછી ધારાસભ્ય પદેથી રાજીનામું આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરનારા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહે છેવટે ભાજપમાં જોડાવા પદ છોડયું છે. અલ્પેશ અને ધવલસિંહને એમ હતું કે રૂપાણી સરકારે કોંગ્રેસના બાગી નેતાઓ કુંવરજી બાવળિયા, જવાહર ચાવડા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાને ગણતરીના કલાકોમાં કેબિનેટમાં લઈ લીધા હતા તેવી રીતે તેઓને કેબિનેટમાં સમાવી લેશે પરંતુ તેમ થયું નથી. હાલ તો અલ્પેશ અને ધવલસિંહ ભાજપમાં છે પરંતુ તેમને મંત્રીપદ મળ્યું નથી, બલ્કે બન્નેને ધારાસભ્ય પદ પરથી હાથ ધોવા પડ્યા છે. હવે ભવિષ્યમાં કેબિનેટના વિસ્તરણ કે બોર્ડ-કોર્પોરેશનમાં નિમણૂકોની કોઈ તક ઉભી થાય તો તેનો નંબર લાગી શકે છે.

**પ્રેમ કરવા માટે જગ્યાની પસંદગી ઇસ્યુ નથી...**

કહેવાય છે કે પ્રેમ કરવા માટે જગ્યાની પસંદગી કોઈ ઈસ્યુ નથી, જ્યાં એકાંત મળે પ્રેમીઓ પ્રેમ કરી લેતા હોય છે. ગાંધીનગરમાં સરિતા ઉદ્યાન એવો ગાર્ડન હતો કે જ્યાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદના યુવક અને યુવતિઓ પ્રેમ કરવા માટે આવતા હતા. આ ગાર્ડનમાં બાળકો સાથે કોઈ પરિવાર જઈ શકતો ન હતો પરંતુ સરકારના ધ્યાનમાં આવતા આ ગાર્ડનનું રિનોવેશન કરી પરિવારો માટે ખુલ્લો મૂકતા પ્રેમી યુગલોએ આ મહત્વનું સ્થળ ગુમાવ્યું છે, આ ગાર્ડનનું નામ સરકારે સરિતા ઉદ્યાન રાખ્યું હતું, કારણ કે તે સાબરમતી નદી કિનારે આવેલો છે પરંતુ પ્રેમી યુગલો માટે પ્રખ્યાત થયેલા ગાર્ડનને ગાંધીનગરના નાગરિકોએ લવ ગાર્ડન નામ આપ્યું હતું, હવે લોકોએ આપેલા નામનો છેદ ઉડી ગયો છે. જો કે એકાંત શોધી લેતા યુવાન અને યુવતિઓ હવે સચિવાલય સંકુલના પાછળના ભાગે વન વિભાગની લીલોતરીની વચ્ચે પ્રેમના અંકુર



રોપી રહ્યાં છે. પ્રેમી યુગલોએ આ નવી જગ્યા શોધી છે. આ જગ્યા પરથી પસાર થઈએ તો પ્રેમીઓના અડ્ડા જોવા મળે છે. શહેરના વીવીઆઈપી જ-માર્ગ પરથી સચિવાલયને જોડતા માર્ગોની બન્ને સાઈડે ફોરેસ્ટ વિભાગની લીલોતરી અને સાનુકૂળ એકાંત છે. આ માર્ગ પરથી નિકળીએ તો લીલોતરીની વચ્ચે પ્રેમ પાંગરી રહ્યાં છે. આ માર્ગો પરથી મંત્રીઓ, અધિકારીઓ અને પોલીસના રક્ષકો પસાર થાય છે પરંતુ કોઈ પ્રેમી યુવલોને ડીસ્ટર્બ કરતા નથી...

**સત્ર સમાપ્તિ પછી બ્યુરોક્રેસીમાં ફેરબદલના સંકેત...**

વિધાનસભાના સત્ર સમાપ્તિ પછી બ્યુરોક્રેસીમાં ફેરબદલ થવાની સંભાવના છે. ઘણાં લાંબા સમય સુધી રાહ જોયા પછી સરકારી બાબુઓ નવા પોસ્ટીંગની રાહ જોઈ રહ્યાં છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી હાલ બજેટ સત્રમાં વ્યસ્ત છે પરંતુ તેઓ આ મહિનાના અંત સુધીમાં ફ્રી થશે ત્યારે બોટમ ટુ ટોપ સુધીની બદલીઓ કરવાના મૂડમાં છે. અત્યારે સચિવાલયમાં એક ડઝન જેટલા ઓફિસરો વધારાના હવાલા ધરાવે છે. તેમને વધારાની જવાબદારીમાંથી મુક્ત કરવા માટે વિજય રૂપાણી ફેરબદલ કરી શકે છે. રૂપાણીએ લોકસભાની ચૂંટણી પૂર્વે અને ત્યારપછી વહીવટી તંત્રમાં કોઈ બદલાવ કર્યો નથી તેથી જિલ્લાકક્ષાએ થી રાજ્યસ્તર સુધીની બદલીઓ થાય તેવી સંભાવના છે. ગુજરાતની બ્યુરોક્રેસીની કઠણાઈ એ છે કે રાજ્યમાં આઈએએસની મંજૂર થયેલી ૩૧૩ જગ્યાઓ પૈકી ૬૫ જગ્યાઓ ખાલી છે છતાં ગુજરાતના ૨૧ ઓફિસરો ડેપ્યુટેશન પર ગુજરાત બહાર ફરજ બજાવે છે. હવે તેમાં અજય ભાદુ અને ટી નટરાજનનો સમાવેશ થયો છે એટલે આ સંખ્યા વધીને ૨૩ થઈ છે. બીજી તરફ ગુજરાતના વર્ગ-૧ના અધિકારીઓની ૬૮૦ જેટલી જગ્યાઓ ખાલી પડી છે જે નવી ભરતીથી ભરવાની મુખ્યમંત્રીએ ખાત્રી આપી છે. અલબત્ત, સિનિયર આઈએએસના વધારાના હવાલા દૂર કરવા તેઓ મોટાપાયે ફેરબદલ કરી રહ્યાં હોવાના સંકેત મળ્યા છે.

**લ્યો, હવે વજુભાઇ વાળા નિવૃત્ત થઇ રહ્યાં છે...**

કર્ણાટકમાં કોંગ્રેસ અને જેડીએસના ૨૦ જેટલા બાગી ધારાસભ્યોએ કુમારાસ્વામીની સરકાર તોડવાનું નક્કી કર્યું છે. રાજ્યમાં રાજકીય નાટક ચરમસીમાએ છે. ભાજપના પાસે બે અપક્ષો સાથે કુલ ૧૦૭ ધારાસભ્યો છે. સત્તા વિહોણા ભાજપના પ્રમુખ યેદુરપ્પા જેડીએસ-કોંગ્રેસની સરકાર તોડીને ભાજપની સરકાર બનાવવા માગે છે. કર્ણાટકમાં કુમારાસ્વામી સત્તા ટકાવી રાખે છે કે યેદુરપ્પા નવા મુખ્યમંત્રી બને છે તે ૨૨મી જુલાઈએ નક્કી થવાનું છે. આ સંજોગોમાં કર્ણાટકના રાજ્યપાલનો હોદ્દો સંભાળતા વજુભાઈ વાળા નિયમ પ્રમાણે કુમારાસ્વામીને વિશ્વાસનો મત જીતવાનું કહી રહ્યાં છે પરંતુ વર્તમાન સરકાર લઘુમતિમાં હોવાથી મામલો પેચીદો બન્યો છે. કર્ણાટકમાં શાસન કરવું હોય તો કુલ ૨૨૫ બેઠકો પૈકી કોઈપણ પાર્ટી પાસે ૧૧૩ ધારાસભ્યો હોવા જોઈએ. જે હાલની સ્થિતિ પ્રમાણે કોઇ પાર્ટી પાસે નથી. કર્ણાટકમાં કોંગ્રેસ અને જેડીએસની ગઠબંધનની સરકાર બની ત્યારથી સત્તા વિહોણા યેદુરપ્પા આ સરકારને તોડવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આ વખતે તેમણે ખૂબ જોર લગાવ્યું છે. હવે વજુભાઈ વાળાનો રોલ શું રહે છે તે આ સપ્તાહમાં ખબર પડી જશે. જો કે વજુભાઈ વાળાની રાજ્યપાલ તરીકે નિયુક્તિ ૧લી સપ્ટેમ્બર ૨૦૧૪માં થઈ હતી તેથી તેઓ ૧લી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ નિવૃત્ત થઈ રહ્યાં છે. આ નિવૃત્તિ પહેલાં કર્ણાટકનો ફેંસલો તો આવી જશે પરંતુ વજુભાઈ વાળાની જગ્યાએ કોને નિયુક્ત કરાશે તેની ચર્ચાએ જોર પકડ્યું છે. બીજી તરફ વજુભાઈ વાળા સવા બે મહિના પછી પાછા ગુજરાત આવી રહ્યાં છે. તેમને ગુજરાતમાં કોઈ જગ્યાએ સમાવવા પડશે, કેમ કે તેઓ ગુજરાત ભાજપના સિસ્તબદ્ધ સૈનિક અને સરકાર ચલાવવાનો અનુભવ ધરાવતા સૌરાષ્ટ્રના મોટા નેતા છે.

**ગુજરાતમાં ચૂંટણી ખર્ચ ૭૯૦ કરોડ રૂપિયા...**

ચૂંટણી હોય કે ના હોય, ચૂંટણી પંચ દર વર્ષે ખર્ચ કરતું હોય છે. ચૂંટણી ન હોય ત્યારે મતદાર યાદીઓની સુધારણા અને વોટર આઈડી કાર્ડ માટે નાણાં જોઈતા હોય છે. નાણા વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતના ચૂંટણી પંચે ગુજરાતમાં ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીના સંચાલન માટે ૩૦૭.૧૪ કરોડનો ખર્ચ કર્યો છે જ્યારે લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી માટે ૩૫૩.૪૭ કરોડનો ખર્ચ થયો છે. આ બન્ને ખર્ચ ગુજરાતના બજેટમાંથી મેળવવામાં આવ્યા છે. હવે ૨૦૨૨ પહેલાં કોઈ ચૂંટણી નહીં હોવા છતાં ચૂંટણી પંચ માટે ગુજરાત સરકાર પાસે ચૂંટણી પંચે વધારાના ૧૨૯ કરોડ રૂપિયા માગ્યા છે. જો કે આ ખર્ચ પૈકી મતદાર યાદીઓ તૈયાર કરવા અને વર્ષ દરમ્યાન તેમાં સુધારા કરવા માટે ૫૫.૮૬ કરોડનો ખર્ચ માગવામાં આવ્યો છે. મતદાર જાગૃતિ માટે ૧.૬૫ કરોડ, ચૂંટણી સંચાલન ખર્ચ માટે ૫.૮૬ કરોડ અને ઓળખકાર્ડ આપવા ૧.૪૩ કરોડની રકમ ચૂંટણી પંચને આપવાની થાય છે. છેલ્લા બે વર્ષમાં સરકાર ચૂંટણી પંચ ને કુલ ૭૯૦.૯૦ કરોડ રૂપિયા ચૂકવશે.